





અસત્યો અને મૂલ્યો વચ્ચે ખેંચાઇ જાય છે
ને ફિક્સીંગના વમળમાં ફસાઇ જાય છે
સિંચાઇ જાય છે જુગારી ગેંગોથી સસ્તામાં -
પૈસાના લોભમાં જાતે જ વેંચાઇ જાય છે..
(ધંધાદારી ક્રિકેટરો)




ચૂંટણી પાટે -
- જાણે લોકલ ટ્રેન,
રેલ્વે બજેટ

આ સંસદ, કે-!
- લોકશાહીની શર્મ?!
અસભ્યશ્રીઓ..
(બે-લગામ પ્રતિનિધિઓ)

## ચિંતન

*અકૃતો પદ્વઃ કશ્ચિન્મહાનપિ ન પૂજ્યતે ।*
*અચર્યન્તિ નરા નાગં ન તાર્ક્ષ્યં ન ગજાદિકમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ, નામે 'સામાન્યનીતિ'માં એક વ્યવહારું સલાહ આપવામાં આવી છે :

'કોઇ વ્યક્તિ ભલે ગમે તેટલી મહાન-હોય પણ જો તેણે કાંઇ ઉપદ્રવ-ધાક-ગુસ્સો-ધમાલ ન કરી હોય તો તે પૂજાતી નથી, સમાજમાં તેનું માન-મરતબો) રહેતાં નથી. ધાક તો રાખવી જ. લોકો 'નાગ' ને પૂજે છે પણ ગરુડ કે હાથી વગેરેની પૂજા કે પૂછા પણ કરતાં નથી.'

માણસ, જ્ઞાની-સમજુ થયા પછી અમૂક ઊંચાઇ પ્રાપ્ત કરી લે છે પછી નાની બાબતો પ્રત્યે એને મોહ-ક્ષોભ લોભ ગુસ્સો રહેતો નથી. ક્ષમા એની આંખ અને વર્તનમાં વસે છે આવા માણસને ઘર-કુટુંબ-સમાજ ઓળખી નથી શકતાં ઉલ્ટું એને ભોળા-ભદ્રીક કે ઓછી અક્કલવાળા માની-સમજી એમની ઉપેક્ષા કરે છે. અપમાન પણ કરે અને અવમાન કે અવજ્ઞા પણ કરે - અનાદર વડીલ સહી પણ લે છે. આવા મનુષ્યને કવિએ સલાહ આપી છે પોતાનું માન-સ્વમાન-વ્યક્તિત્વ સાચવવા ગુસ્સો ભલે ન કરે પણ ધાક-ફૂંફાળો તો રાખવો જ જોઇએ તો જ ઘર-સમાજમાં તેમનાં વ્યક્તિત્વની આભા સચવાઇ રહે.

નાગ ફૂંફાડો મારે કૂતરું ઘૂરકે તેથી બધા એનાથી દૂર રહે છે ડરે છે પણ હાથી ભલે વિશાળ કદનો હોય પણ એનાથી કોઇ ભયભીત થતું નથી.

## સુવિચાર

- હારને શણગારવાના મોહમાં ને મોહમાં.. ખેલતો રહેતો સદા હું જિંદગીની ચોપાટને - *અનિલ ચાવડા*
- જિંદગીનું કામ છે પરીક્ષા લેવાનું, જિંદગીમાં સંઘર્ષ અને સમસ્યા સંપીને સાથે જ રહે છે.. ઉપાય અને સમાધાન ને શોધવા કોઇક આવશે એની પ્રતિક્ષામાં હોય છે - *ઓશો*
- માણસ રૂંવે રૂંવે પવિત્રતા જાળવે અને મન-હૃદયમાં દેવત્વ જગાડી નામ સ્મરણ કે ભક્તિ કરે તો શુદ્ધ હૃદયે તે જે કાંઇ કર્મ કરશે તે પૂણ્ય બની જશે અને પ્રભુકર્મ જ ગણાશે - *હૃદયસૂત્ર*
- રાજા તલવારની ધારમાં, યોગી ચિત્તમાં, જ્ઞાની લોકો જ્ઞાનમાં અન્ય લોકો ગંગામાં પોતાના પાપ ધોવાનો પ્રયત્ન કરે છે પણ જેના હૃદયમાં પરમેશ્વર જેવી પવિત્રતા વસેલી હોય તે તીર્થયાત્રા કરે કે ન કરે કશો ફેર પડતો નથી - *ધર્મસૂત્ર*
- તૃષ્ણાગ્રસ્ત જગત ક્રંદનવન છે, તૃષ્ણાનું નિયંત્રણ જ એને નંદનવન બનાવી શકશે- *ગુણવંત શાહ*
- જબાન હી હાથી ચઢાવૈ, જબાન હી સિર કટવાવૈ - *હિન્દી કહેવત*
- શિક્ષણ-સમર્પિત વાંસ 'રાજદંડ' બની શકે, અંદરથી વિંધાય તો 'વાંસડો' પણ વાંસળી બની સંગીત સુરાવલીનું નિમિત્ત પણ બની શકે - *મુનિ રત્નસાગરજી*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

જીભથી સારો કે ખરાબ શબ્દ નીકળી જાય એ હૃદય શાંતિ કે વેદના પહોંચાડે છે આપણા ઉગ્ર ખરાબ શબ્દથી કોઇનું જીવન ઝેર થઇ જાય! આપણને પણ આવા શબ્દો આઘાત આપી શકે. કારણ કે આપણે એનો અર્થ સમજીએ છીએ. વેદના-દુઃખ-અશ્રુને કોઇ આશ્વાસન આપી હૃદયના ભાવથી લૂછી આપે તો વેદના અર્ધી થઇ જાય.. અને ઘણીવાર તો દાન-ઉપકાર કરનારને પણ પોતાના દાનનો ભાર-અહમ્ નૂકસાન પહોંચાડે છે..

ખલીલ જિબ્રાન આ વાત ખૂબ જ સાહજિક અને સરળ રીતે સમજાવી છે કોઇએ એમને ત્રણ પ્રશ્ન કર્યા..

૧. સૌથી વધારે સુખી કોણ?

ખલીલ કહે પોપટ, એને ગાળ શિખવો ગાળ બોલે, 'રામ' શીખવો રામ બોલે. આમ છતાં તે બંનેથી નિસ્પૃહ જ રહે છે કારણ કે તે શબ્દનો 'અર્થ' સમજતો નથી.

૨. સૌથી વધારે દુઃખી કોણ?

ખલીલ કહે માછલી, એ વેદના વ્યક્ત કરી નથી શકતી કે રડે તો કોઇ એનાં આંસુ લૂછતું નથી.

૩. સૌથી મોટું પરોપકારી કોણ?

ખલીલ કહે- રેશમનો કીડો. પોતાની લાળમાંથી 'રેશમ' જેવું કિંમતી વસ્ત્ર આપે છે છતાં એની પોતાને જ ખબર નથી હોતી.

Email - sureshchandrabhatt18@gmail.com

# જ્ઞાન સાથે તપ, ત્યાગ ને વૈરાગ્યના કારણે તેમનું મન હંમેશા તેમના ઈષ્ટદેવ શ્રી બાલકૃષ્ણના ચરણ કમળમાં સ્થિર રહેતું હતું

## પૂજ્ય ડોંગરેજી મહારાજનો જન્મોત્સવદિન પ્રસંગસર

- શાન્તિભાઇ બી. પટેલ

પાપને ત્યજો ને પ્રભુને ભજો, 'જયાં સુધી તમારામાંથી મોહ છૂટે નહીં ત્યાં સુધી માનવ અવતાર સફળ થશે નહી. માનવ અવતાર એ મોહને છોડીને પ્રભુને યાદ કરવા માટેનો છે.' જ્ઞાન, શક્તિ, વૈરાગ્ય અને તપના અર્વાચીન યુગમાં મહર્ષિ ભાગવત્‌ના સંત પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજ.

પરમ ભગવદ્ ભવદીય સંત શ્રી ડોંગરેજી મહારાજનો જન્મ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૨૬ (ફાગણ સુદ ત્રીજ) સોમવારે થયો હતો. પિતા કેશવ ગણેશ ડોંગરે તથા માતા કમલીબાઇ કેશવવર્મા હતું. માત્ર ચાર ધોરણ સુધીનો મરાઠી અભ્યાસ છતાં ભાગવત કથા કરતા હતા. તેમની વાણી કઠોર હૃદયના કાળજાને કંપી દે તેવી કરૂણ હતી.



ડોંગરેજી કથા કરે ત્યારે કાનુડાને યાદ કરતા જાય ત્યારે ભાવવાહી રીતે રડી રડતા, તેમે સાંભળતા શ્રોતાઓ પણ રડતા, સ્વયં શુકદેવજીના અવતારનું મન પ્રભુમાં તલ્લીન થતું. લાલો શબ્દ બોલતાં હૃદય ભરાઇ જાય, અંતરમાંથી પ્રમનાં અશ્રુબિંદુ વહેતા.

જ્ઞાન સાથે તપ, ત્યાગ ને વૈરાગ્યના કારણે તેમનું મન હંમેશા તેમના ઇષ્ટદેવ શ્રી બાલકૃષ્ણના ચરણ કમળમાં સ્થિર રહેતું હતું.

તેઓ સંસારી હોવા છતાં બ્રહ્મચારી રહ્યાં. ડોંગરેજી મહારાજની અંતિમ ઇચ્છા હતીકે તેમનાં નામ પર અંતે પૂર્ણવિરામ મૂકવું. તેમનાં નામે આશ્રમ સંસ્થા કે મંદિરો બાંધવા નહીં.

ડોંગરેજીનો જન્મ વડોદરામાં દાંડિયા બજારના વિસ્તારમાં થયો હતો. પત્ની શાલિનીદેવી (સીતાદેવી) એ ૧૯૭૦ માં ત્યાગ કર્યો અને માઉન્ટ આબુમાં આશ્રમમાં રહેવા જતા રહ્યા. તેઓ પણ બાલકૃષ્ણની સેવામાં અને ભાગવતના પ્રચારમાં જીવન વીતાવવા લાગ્યા.

ડોંગરેજી જયારે ભાગવતની કથા કરતા ત્યારે તેમની જીભ બોલતી ન હતી પણ હૈયું બોલતું હતું. હૃદયમાં રહેલા ભગવાન બોલતા હતા.

૧૯૮૯માં કાશી મહાવિદ્યાલયે તેઓને 'મહા-મહોપાધ્યાય' ની પદવી આપી.

વિક્રમ સંવત ૨૦૪૭ ના કારતક વદ છઠ્ઠ, તા.૮મી નવેમ્બર ૧૯૯૦ ના ગુરૂવારે સવારે નડિયાદના સંતરામ મંદિરમાં ૬૮ વર્ષની વયે તેઓ વૈકુંઠવાસી થયા, તેમની અંતિમ ઇચ્છા અનુસાર તેમનાં દેહને માલસરમાં જળ સમાધિ આપવામાં આવી.

અર્વાચીન યુગમાં મહર્ષિ ભાગવત સંતને કોટિ કોટિ વંદન.

# ...આખી જિંદગી સવળા રસ્તે ચાલ્યા પણ આ પગના દુઃખાવાએ 'અવળા રસ્તે' ચલાવ્યો!

## અવળો રસ્તો

નાની અમથી વાત (હળવે હૈયે)

- લે. ભર્ગદેવ ભટ્ટ

આમ તો મને થોડો થોડો પગનો દુખાવો થઇ ગયેલો. તેમાં એક્યુપ્રેશરના પોઇન્ટ દાબુ એટલે રાહત થઇ જાય. એમાં વળી જાન્યુ.૧૩ માં દિલ્હી જવાનું થયું ત્યારે ત્યાંની વધુ પડતી ઠંડી અને શિયાળામા પણ અવારનવાર ઝાપટા આવી જાય એને કારણે પાનીનો દુઃખાવો પણ શરૂ થઇ ગયો.માંડ માંડ પગ મંડાય. તેના પર પોઇન્ટ દાબુ એટલે રાહત અનુભવું. પણ બે-ત્રણ દિવસ જાય ત્યાં ઠેરનાં ઠેર. પુત્રએ ઊંચી કિંમતના બુટ પણ અપાવ્યા. તેનાથી ચાલવામાં રાહત લાગતી. તે પહેરીને 'ગામમાં' આંટો પણ મારી આવું. નવી દિલ્હીનો દ્વારકા વિસ્તાર એટલે બીજું ગાંધીનગર જોઇ લ્યો. સેકટરેય પાછા ત્રીસ. રસ્તાઓ બિલકુલ ગાંધીનગર જેવા જ પહોળા અને સ્વચ્છ તો આખા દ્વારકામાં તો શું જે જે જોવાલયક સ્થળોએ અમે મુલાકાત લીધી ત્યાં કયાંક રોડ ઉપર એક પણ ઢોર રખડતું કે બેઠેલું જોયું નહીં. હા... ટ્રાફિક તો ભાઇ તોબા પોકારાવે એવો! બધું જોઇ થોડું ત્યાં રોકાઇને ગાંધીનગર પરત આવ્યા.

ગરમીના દિવસો શરૂ થઇ ગયેલાં એટલે પાનીના દુઃખાવાને થોડી રાહત તો થઇ. દરમિયાન એક પેપરમાં મેં પગનાં દુખાવા વિશેનો લેખ વાંચ્યો. તેમાં જે સૂચન કરેલું કે મુજબ કરવાનો નિશ્ચય કર્યો. ભલે જે થવાનું હોય તે થાય.

અને ચાર જ દિવસમાં પીંડીઓ, ઘુંટણ અને ઘુંટીમાં રાહત અનુભવી. અને પછી તો જયારે યાદ આવે ત્યારે શરૂ કરી દઉં. મહિનામા તો એવું લાગ્યું દુઃખાવો ૮૦ ટકા ગાયબ!

હવે તમને થશે કંઇ દવા લીધી ભટ્ટજી?

ભાઇ દવા તો કાંઇ નહીં, પણ તે લેખમાં એમ લખ્યું કે અમેરિકામાં આવા દુઃખાવાવાળા લગભગ બે હજાર લોકો ઉપર પ્રયોગ કરેલો. તેએનો ઊંધા ચાલવાનું કહેલું. તો તેમાનાં ૧૬૦૦ ઉપરાંતને મટી ગયો. બાકીનાને થોડી રાહત તો થયેલી. બસ મેંય ઝૂકાવ્યું અને ઘરમાં ઊંધા ચાલવાનું શરૂ કરી દીધું અને ફાયદો થયો. (હજીય ઊંધા ચાલવાનું ચાલું રાખ્યું છે જેથી દુઃખાવો આઘો રે) તમે પણ ધ્યાન રાખીને ચાલજો કારણ ભગવાને પાછળના ભાગે કયાંક આંખો નથી મૂકી!

આના પરથી બોધ પણ હળવે હૈયા લીધો કે આખી જિંદગી સવળા રસ્તે ચાલ્યા પણ આ પગના દુઃખાવાએ 'અવળા રસ્તે' ચલાવ્યો!

# આ ઋતુમાં જુદા જુદાં રંગબેરંગી ગુચ્છાવાળા અને માદક સુગંધી આપતાં ફૂલો મોટા જથ્થામાં ઉગે છે, વન-વગડાનાં ફૂલોમાં પણ વસંત પૂરબહારમાં ખીલી ઊઠે છે

## વસંતઋતુ યોગ્ય, અયોગ્ય અને આરોગ્ય

ડો. ભાલચંદ્ર હ. હાથી

"આંબા ડાળે ટહુકા કરતી કોયલ રાણી બોલી, વસંત આવી... વસંત આવી..." કોયલ વસંતઋતુની છડીદાર છે. પંચમસૂરમાં વસંતના આગમનની છડી પોકારે છે. વસંતઋતુ કામદેવની ઋતુ છે. જેમાં માદ્રી રાણી સાથે જેને સહસયન ન કરવાની ચેવતણી હતી તેવા પાંડુ રાજાએ વસંતનું સ્વાગતમાં મૃત્યુ વ્હાલું કર્યું હતું. વસંતઋતુ પુષ્પધન્વાનું પર્વ છે. આ ઋતુમાં જુદા જુદાં રંગબેરંગી ગુચ્છાવાળા અને માદક સુગંધી આપતાં ફૂલો મોટા જથ્થામાં ઉગે છે. વન-વગડાનાં ફૂલોમાં પણ વસંત પૂરબહારમાં ખીલી ઊઠે છે. તેની પણ સુગંધ હોય છે. યુવાન દંપતીની પણ આ ઋતુમાં માદક સુગંધ હોય છે.

વસંતમાં જ આંબાનો મોર આવે છે, વસંતમાં જ કેરી માટે માદક સુગંધ વાળા મોર ઉપર પરાગની પ્રક્રિયા થાય છે. બાદ ગ્રીષ્મમાં કેરીનો રસાસ્વાદ થાય છે. આ પણ દ્વંદ્વની પ્રક્રિયા છે.

શૃંગાર સતકમાં વસંતના વર્ણનમાં કહ્યું છે કે, વાયુ સુગંધી બને છે, ડાળીઓમાં નવા અંકુરો આવે છે, કોયલ પોતાના કંઠમાંથી મધુર ટહુકો કરે છે. ચંદ્રનાં તેજ જેવાં (આનંદદાયક, રૂપાળાં) કામિનીનાં અંગો ઉપર (કામના) શ્રમથી પરસેવાનાં બુંદ (મોતી) ની રચના થાય છે. આ છે વસંતનં પ્રકૃતિ વર્ણન. દ્વંદ્વના સાયુજ્યની નવાં ફળો અને ફૂલો પ્રાપ્ત થાય છે. આ રીતે પ્રકૃતિ મનુષ્યરૂપી વૃક્ષમાં પણ નવા રૂપ રંગ અને આકર્ષણ ઉત્પન્ન કરી નવી માનવ આકૃતિની ઉત્પત્તિ માટે માર્ગ સરસ બનાવે છે. આ પણ પ્રકૃતિ છે. માનવી તેની કુટેવો બનાવે છે. તેનો કુદરતી, સમજપૂર્વક, સંચલિત ઉપયોગ મન અને શરીરને આહ્‌લાદક બનાવે છે.

વસંતમાં શાકોત્સવનું પણ મહત્ત્વ છે. પ્રકૃતિદત્ત વિવિધ શાકની ઉપલબ્ધી અને રસાળ શાક બનાવીને શાકમ્ભરી ઉત્સવ ઉજવાય છે. આર્થિક રીતે નબળાં વર્ગને દાન આપીને પણ ઉત્સવમાં ભાગીદાર બનાવવાની પણ યોજના છે.

ફૂલોમાં પણ વિવિધ સુગન્ધ છે. તે રીતે ફળોમાં પણ આકર્ષણ માટે સુગંધ છે. તેથી આકર્ષાઇને પણ આહારના ઉપયોગમાં લેવાય છે. જેથી જરૂરી વિટામીન, ખનીજ, કાર્બોહાઇડ્રેટ વગેરે તેમાંથી આપોઆપ મળે છે. જે શરીરનો ઇમ્યુનીટી (રોગ પ્રતિકારક શક્તિ) વધારવા માટે શરીરને તૈયાર કરે છે. યોગ્ય સમયે, યોગ્ય માત્રામાં તેનું સેવન પ્રકૃતિની ઉત્પત્તિ અને સ્થિતિને સરળ બનાવે છે.

વસંતમાં ઠંડી આહ્‌લાદક હોય છે. તેથી શરીર સ્વસ્થ રહે છે પણ શિશિરઋતુમાં વધુ ઠંડીથી બચવા વસાણા - અડદિયા, મેથી પાક, સાલમ પાક, વિગેરે જેવા પાકોનું સેવન વધુ થાય છે. વળી ઠંડીને કારણે પણ કફનો શરીરમાં સંચય થાય છે. આ બધો જ કફ વસંતઋતુમાં પ્રકોપ પામી (ગુસ્સે થઇ!) બહાર આવે છે. તેથી કફજન્ય ઉધરસ, શરદી, તાવ જેવા વિકારો થાય છે. નાકમાં, ફેફસામાં, તેની નાની-મોટી નળીઓમાં (બ્રોકમ્સ) પ્રથમ પાતળો પછી જાડો કફ ભરાય છે અને કફથી સખત ઉધરસ થાય છે. છાતીમાં કફ ભેગો થવાથી છાતી ભારે થઇ જાય છે. દુઃખે છે અને શ્વાસ, દમ જેવા રોગો થઇ જાય છે. જે માંડ મટે છે અથવા અસાધ્ય થઇ જાય છે. આવા રોગોથી બચવા શિસિર ઋતુમાં જ કફનો સંચય ન થવા દેવો જોઇએ. એટલે મહા એ ફાગણમાં ખાસ ધ્યાન આપવું જોઇએ.

એક કહેવત છે કે "કફ મટે મુઠ્ઠી હીરે અને પિત્ત મટે મુઠ્ઠી જીરે" એ જ બતાવે છે કે કફ મટાડવો આસાન નથી તેથી શરૂઆતથી ચેતવું જોઇએ.

શિશિર ઋતુની શરૂઆતથી જ રોગ કરનારા કારણોથી ચેતવા માટે આયુર્વેદમાં કેટલીક બાબતોને નિર્દેષ છે. તેમાં દિવસે સવું, ગળ્યા, ખાટા, ઠંડા, ભારે અને ચીકણા પદાર્થોનો અતિરેક કરવો, માછલી તથા માંજ જેવા આહાર, તલની બનાવટ, દૂધની વાનગી વારંવાર લેવી, ચિકાશવાળી વસ્તુ અતિશય માત્રામાં સેવન કરવાથી કફનો સંચય થાય છે. જે વસંતમાં વિકાર પામીને કફ, ઉધરસ, તાવ, શ્વા, શરદી, દમ જેવાં રોગો થાય છે. તેનાં લક્ષણોમાં છીંકો બહુ આવે છે. નાકમાંથી સતત પાણી વહે છે. ઉધરસથી છાતી ભારે થાય છે અને દુઃખે પણ છે અને રોગની પ્રતિકાર થવાને બદલે રોગ પોતે જ આવીને ઊભે છે અને દિવસો સુધી તે પીછો છોડતો જ નથી. તેથી શિશિરમાં જ આહાર પરિવર્તન અને મર્યાદાનું પણ પૂરતું ધ્યાન રાખવું જોઇએ. અગાઉં કહ્યા તેવો આહાર ન લેવો જોઇએ. તેલ-તળેલાં પદાર્થો અતિ માત્રામાં ન લેવા જોઇએ. ગળ્યાં પદાર્થો, ખાંડ, ગોળ વિગેરે પણ મર્યાદા બાંધીને લેવા જોઇએ. કફ નિવારક આહારની યોજના કરવી જોઇએ. શુંઠ, ગોળ, ઘીની ગોળી બનાવી નિયમિત લેવી જોઇએ. સુદર્શન ચૂર્ણ અર્ધી ચમચી, અર્ધા કપ પાણીમાં, ઉકાળી તેનું ઉપરનું પાણી (ફાંટ વિધિ) ગરમ જ નિયમિત લેવું જોઇએ. કયારેક થોડા દિવસ માટે અરડુશીનો રસ અથવા સૂકાં પાનનાં ચૂર્ણનો ફાંટ પણ લેવો જોઇએ. કાળજી છતાં પણ શરદી, ઉધરસ, કફ થાય તો નકાદિય લક્ષ્મી વિલાસ રસની ગોળી, સિતોપલાદિ ચૂર્ણ, સુંઠ, જેઠી મધનાં સમભાગ મિશ્રણને ચોખ્ખા મધ સાથે લેવા જોઇએ. સવાર-સાંજ સુંદર્શન ફાંટ, વ્યોષાદિવરી ચૂસવા માટે, નવસેકા પાણીનું સેવન, દૂધમાં હળતર ઉકાળીને તે ગાળ્યા વગર વગર ગરમ જ લેવી, ખાસ કરીને છાતી, પીઠમાં સેક કરવાથી ફાયદો થાય છે. છીંકો વધારે હોય તો ગરમ પાણી - નિમક ઉકાળીને નાકમાં ડ્રોપ પરથી ટીપાં નાખવાથી રાહત થાય છે. કફનો સંચય થતો નથી અને તે પછી કફના રોગો પણ થતા નથી. ખાસ કરીને બાળકો, અશક્ત અને નબળી વ્યક્તિઓનું તો ખાસ ધ્યાન રાખવું જોઇએ. કફની પ્રવૃત્તિ સામે પૂરતો પ્રતિકાર થવો જોઇએ. કફ શ્વાસનળી, ફેફસાં નાક વિગેરેની પ્રાકૃતિક વેગને રોકે છે અને અહસ્ય મુશ્કેલી પેદા કરે છે.

આમ વસંતઋતુમાં શું યોગ્ય શું અયોગ્ય છે તેનું ધ્યાન રાખવાથી આરોગ્ય જળવાય છે.

# ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સમાચાર સેતુ

ગાંધીનગર સાહિત્યસભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદનો પ્રારંભ સરસ્વતી વંદનાથી કરવામાં આવ્યો. પ્રાર્થનાની સુંદર ભાવવારી રજૂઆત રમણભાઇ શ્રીમાળીએ કરી હતી. તે પછી સાહિત્યસભાના પ્રમુખ દોલત ભટ્ટ દ્વારા આમંત્રિકોનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું તેમજ પરિસંવાદમાં પધારેલ સૌને પ્રમુખશ્રીએ હેતપૂર્વક આવકાર્યા અને મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી પરિસંવાદને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પરિસંવાદની શરૂઆત કરતાં સંસ્થાના મંત્રી નટવર હેડાઉએ ગત ૧૭ વર્ષ દરમિયાન ગાંધીનગર સાહિત્યસભાની પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ આપ્યો હતો.

પરિસંવાદની પ્રથમ બેઠકમાં સંસ્કૃત સાહિત્યમાં કાલીદાસનો પ્રભાવ એ વિષય પર સુશ્રી હેમાંગીની ઘુઘરાવાળાએ કૃતિઓની વિષય પર ચર્ચા કરી મનનીય પ્રવચન આપ્યું હતું. પ્રથમ બેઠકને અંતે કોષાધ્યક્ષ સુમંતભાઇ શાહે આભારવિધિ કરી હતી.

બીજી બેઠકમાં હાલમાં જેમની જન્મ શતાવરી ઉજવાઇ રહે છે. તેવા સાક્ષર મનુભાઇ પંચોલી 'દર્શક' ના સાહિત્ય અને શિક્ષણમાં પ્રદાન વિષય અંગે વી.એસ. ગઢવીએ સુંદર ઉદાહરણો આપી પ્રવચનથી શ્રોતાઓને રસતરબોળ કર્યા હતા. તે પછી કાવ્ય અને લઘુકથા વાંચનની બેઠક યોજાઇ હતી. જેમાં સાહિત્ય સભાના સભ્યો અને પધારેલા સર્જકો દ્વારા સ્વરચિત રચનાઓ રજૂ કરવામાં આવી હતી.

બીજી બેઠકના અંતે સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટથી પધારેલ બળવંત જાની એ 'જનજીવન પર લોક સાહિત્યનો પ્રભાવ' એ વિષય અંગે વકતવ્ય આપ્યું હતું. જેને બહોળા પ્રમાણમાં ઉપસ્થિત શ્રોતાઓએ માણ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતકવિ 'ઉર્મિલ' દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે આભારવિધિ સહમંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' એ કરી હતી.

● રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ

ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજય ગાંધીનગરના ઉપક્રમે તા. ૧૨-૨-૨૦૧૪ના રોજ માણાવદર કેળવણી મંડળ સંચાલિત આર્ટ્સ, કોમર્સ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, માણાવદર, જિ. જૂનાગઢ ખાતે રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સર્વે કવિઓ, લેખકો, શિક્ષકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા ભાષા પ્રેમીઓ પધાર્યા હતા.

જેમાં - સ્વાગત - શ્રીમતી હંસા એમ. ગઢવી, ભાષા નિયામક - એ કર્યું હતું. અધ્યક્ષ - જેઠાભાઇ પાનેરા, પ્રમુખશ્રી માણાવદર કેળવી મંડળ, મુખ્યમહેમાન - (૧) મયુરભાઇ રાવલ(પત્રકાર) (૨) ડો. તીર્થંકર રોહડિયા (અધ્યાપક, બરવાળા કોલેજ) અતિશિ વિશેષ -(૧) ડો. મહેશભાઇ કે. મેતરા, આચાર્ય, માણાવદર કોલેજ, (૨) ડો. બિહાગભાઇ જોષી, અધ્યશ્રી (સંસ્કૃત વિભાગ), બહાઉદ્દિન કોલેજ, જૂનાગઢ. વિશેષ ઉપસ્થિતિ - (૧) ડો. જીવરાજ પારઘી, અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, જોષીપુરા કોલેજ, જૂનાગઢ (૨) ડો. ચેતનાબેન પાણેરી, પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ, જોષીપુરા કોલેજ, જૂનાગઢ. ઉદ્‌ઘોષક - પ્રો. આર.એમ. રૂપારેલીયા, ગુજરાતી વિભાગ, માણવાદર કોલેજ, તેમજ ઋણ સ્વીકાર - જ.મ. અમલિયાર, મદદનીશ ભાષા નિયામક હાજર રહ્યા હતા.



### કાવ્ય સેતુ : આપણે સૌ?

**ધૂમ્રગોટમાંથી**
**નગરને કે ટેકરીઓને**
**જગાડતાં આ રવિકિરણ;**
**વાદળોથી ભર્યું-ભર્યું નભ,**
**રંગબેરંગી પુષ્પોને**
**પ્રગટાવતાં વિધ-વિધ પર્ણો બધાં,**
**વહેતાં ઝરણાંને**
**તીરે ગાતાં પારેવડાં;**
**રમણીનાં અંગ-ઉપાંગને**
**શણગારતાં જાણે આ**
**રવિકિરણ -;**
**અહાહા કેટલી**
**મધુરતા -**
**આહ્‌લાદ્‌કતા!**
**થતો પ્રશ્ન કે**
**સળગતા ગોળામાંથી પ્રગટતી**
**કેવી ફૂમાશ?**
**કેટલી ટાઢક?**
**તો પછી આપણે સૌ જ**
**શું કામ???**

*- અનંત પટેલ*